ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૪૮ ટકા

# ગાંધીનગરમાં યોજાયેલ રન ફોર યુનિટી

## ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર, જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી રન ફોર યુનિટીમાં નગરજનો સાથે જોડાયા







ગાંધીનગર, તા.૩૧


દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી અને લોખંડી પુરૂષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે આજે ગાંધીનગર ખાતે રન ફોર યુનિટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રન ફોર યુનિટીનો આરંભ સ્વર્ણિમ પાર્કમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપી કરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમના આરંભે ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ સ્વર્ણિમ પાર્કમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનોને એકતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. તે પછી ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, કલેકટર એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર એસ. એલ. અમરાણીએ રન ફોર યુનિટીની દોડને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી.

રન ફોર યુનિટીની દોડ આરંભ સ્થળેથી ઘ-૪ સર્કલથી ઉદ્યોગ ભવન નજીક થઈ બેંક ઓફ બરોડ થઈ ચ- રોડ ઉપર વિધાનસભાની સામે થઈ સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે પૂર્ણ થઈ હતી. આ દોડમાં મોટી સંખ્યામાં નગરજનો, વિવિધ સંસ્થાઓ, બેંકોના કર્મચારીઓ અને પોલીસના જવાનો જોડાયા હતા. રન ફોર યુનિટીમાં જોડાયેલા તમામ લોકોનો ઉત્સાહ બમણો કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઇ પટેલ, જિલ્લા કલેકટર એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, ગાંધીનગર પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈ, જિલ્લા પુરવઠા અધિકારી દક્ષાબેન રાંક, જિલ્લા સહકારી મંડળ રજિસ્ટ્રાર શ્વેતાબેન પટેલ, મામલતદાર ઝાલાસાહેબ પણ જોડાયા હતા. તે ઉપરાંત મોટી સંખ્યામાં કર્મયોગીઓએ પણ રન ફોર યુનિટીમાં જોડાઈને દેશના લોખંડી પુરૂષને ભાવાજંલિ અર્પી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે માર્ચ પાસ્ટ યોજાઈ



ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આજે સાંજના ૫.૦૦ કલાકે માર્ચ પાસ્ટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ચ પાસ્ટનો આરંભ સ્વર્ણિમ પાર્ક નજીક આવેલી બેંક ઓફ બરોડા ખાતેથી થયો હતો. આ માર્ચ પાસ્ટ ત્યાંથી ગાંધી મંદિર જઇ સમાપ્ત થઇ હતી.

માર્ચ પાસ્ટની આગેવાની ગાંધીનગરના ડી.વાય.એસ.પી. એમ.જે. સોંલકીએ લીધી હતી. સમગ્ર માર્ચ પાસ્ટને ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઇ, નાયબ કલેકટર યાદવએ સલામી આપી હતી. આ માર્ચ પાસ્ટને જોવા માટે સમગ્ર માર્ગ પર નગરજનો ઠેર ઠેર ઉભા રહી ગયા હતા.

## અમરાપુર (ગ્રામભારતી) ખાતે નાગણેશ્વરી માતાજીનો ૧૮મો પાટોત્સવ ઉજવાશે



ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલા અમરાપુર ગ્રામભારતી ગામમાં રાઠોડવંશના કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિર ખાતે માતાજીનો ૧૮ મો પાટોત્સવ આગામી તા. ૧ નવેમ્બર ૨૦૧૮ ને ગુરુવારના રોજ ધામધુમથી ઉજવાશે. આ પ્રસંગે નાગણેશ્વરી માતાજીના ચોકમાં ભવ્ય નવચંડી યજ્ઞ કરવામાં આવશે. જેમાં ૧૫ થી પણ વધુ યજમાનો યજ્ઞમાં માતાજીની સેવાનો લાભ લેશે. સવારે નીજ મંદિરમાં માતાજીની આરતી બાદ સવારે ૮ કલાકે ગણેશ સ્થાપન કરી માતાજીના યજ્ઞનો પ્રારંભ થશે.ત્યારબાદ બપોરે મહારાજોપચાર પૂજા સાથે અભિષેક કરવામાં આવશે. સાંજે ૫ કલાકે શ્રી ફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતી કરવામાં આવશે. જયારે ૫.૩૦ કલાકે ૧૦૮ દિવાની માતાજીની મહાઆરતી કરવામાં આવશે. તો આ પ્રસંગે તમામ ધર્મપ્રેમી જનતાને મહાયજ્ઞના દર્શનનો લ્હાવો લેવા યજ્ઞના આચાર્ય શ્રી વિશ્વાસભાઈ જાની દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

પેથાપુરના સ્વપ્ન વિલા-૩ સોસાયટીમાં તાજેતરમાં નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. સ્થાનિક રહેવાસી શ્રેયાસભાઈ કોઠારીના જણાવ્યા પ્રમાણે સોસાયટીના દરેક રહીશોએ નવચંડી યજ્ઞનો લાભ લીધો હતો તથા યજ્ઞમાં પેથાપુર નગરપાલિકાના ઉપપ્રમુખ રાજેન્દ્રસિંહ વાઘેલા તેમજ સોસાયટીના પ્રમુખ પંકજભાઈ પટેલ અને ઉપપ્રમુખ ધમભાઈ હાજર રહ્યા હતા.



## શહેરના કાપડ-બુટ બજારમાં તેજી

ગાંધીનગર, તા.૩૧

દિપાવલીના પાવન પર્વ નજીક આવી રહ્યા છે, તેમ તેમ નગરના બજારોમાં તેજી જોવા મળી રહી છે. દિવાળીની ઘરાકી ખુલવાની રાહ જોઈને બેઠેલા વેપારીઓને બજારમાં ઘરાકીની આશા બેસવા માંડી છે. છેલ્લા બે ત્રણ દિવસથી શહેરના કાપડ-બુટ બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જામે છે. રેડીમેડ ગારમેન્ટમાં નાના બાળકથી લઈને મોટી ઉંમરના વડીલો પણ ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. તો બીજી તરફ બુટ-ચંપલ, મોજડી, સેંડલ સહિતના ફુટવેરની ખરીદીમાં નગરજનો વ્યસ્ત બન્યા છે. જયારે વેપારીઓએ સેલ હેઠળ અવનવી સ્કીમ નીકાળતા મધ્યમ વર્ગના ગ્રાહકોને પોંસાય તે રીતે ખરીદી કરતા નજરે પડી રહ્યા છે.

છેલ્લા ઘણા સમયથી દિવાળીનો તહેવાર નજીક આવતો હોવા છતા શહેરના બજારો ખાલીખમ લાગતા હતા. દુકાનોમાં વેપારીઓને જોઈએ તેટલી ઘરાકી પણ ન હતી. ત્યારે દિવાળીના બે ત્રણ દિવસ આડા હશે અને ઘરાકી તુટી પડશે તેવું લાગી રહ્યું હતું. પરંતુ શહેરના સેકટર-૭, ૨૧, ૨૪, સહિતના બજારોમાં ભારે જનમેદની જોવા મળી રહી છે. વેપારીઓ ગ્રાહકો મોટી સંખ્યામાં આવતા વ્યસ્ત બન્યા છે, શહેરમાં વેપારીઓ દ્વારા દિવાળીના ટાણે સેલના નામે વેચાણ થાય તે માટે ચીજવસ્તુઓ નીકાળી છે. જેમાં રેડીમેડ ગારમેન્ટની બોલબાલા જોવા મળી રહી છે. જેમાં નાના બાળકથી લઈને મોટી ઉંમરના વડીલ તેમજ મહિલાઓ પણ ખરીદી કરતી જોવા મળી રહી છે. ત્યારે કાપડ બજારની સાથે હાલના સમયે ફુટવેર માર્કેટમાં પણ ગ્રાહકોનો ધસારો વધી રહ્યો છે. જેમાં બુટ, ચંપલ, સેંડલ, મોજડી, સહિતના મહિલાઓ તેમજ નાના બાળકોને પસંદ આવે તેવા અવનવા બુટ બજારમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. હાલના સમયે તો દિવાળીનો માહોલ શહેરમાં જામ્યો છે, નગરના બજારો ગ્રાહકોથી ધમધમતા થયા છે. વિવિધ ચીજવસ્તુઓની ખરીદીમાં નગરજનો વ્યસ્ત બન્યા છે. ત્યારે શહેરના બજારોમાં આગામી દિવસોમાં માનવ મહેરામણ ઉમટશે. જેથી શહેરના બજારોના માર્ગો ગાડીઓ અને ટુ-વ્હીલરનો ખડકલો જોવા મળશે.

## સિવિલમાં રાષ્ટ્રીય શપથ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧ ઓકટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાનું ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે જેને અનુલક્ષીને ગાંધીનગર સિવિલના ન્યુ ઓપીડી બિલ્ડીંગના ચોથા માળે કોન્ફરન્સ હોલમાં બપોરના ૧૨.૩૦ કલાકે રાષ્ટ્રીય એકતા શપથનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર સિવિલ બિલ્ડીંગના ચોથા માળે આયોજીત શપથ સમારોહમાં ડોકટર્સ, કર્મચારીઓ-અધિકારીગણે 'હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંમને સમર્પિત કરીશ અને મારા દેશવાસીઓમાં પણ આ સંદેશ ફેલાવવાનો પ્રયત્ન કરીશ. હું શપથ મારી દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છું જે સરદાર વલ્લભભાઈ પટેલની દુરંદેશી અને કાર્યો થકી સંભવ બની છે. હું મારા દેશની આંતરીક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારું પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું.' આમ બોલી શપથ લીધા હતા. આ પ્રસંગે સિવિલના આરએમઓ ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, ડે. આરએમઓ કલ્પેશ જશપરા, ડૉ. ચિરાયુ વૈદ્ય, વહીવટી સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, સિકયુરીટી સ્ટાફ અને રાજદીપ એન્ટરપ્રાઈઝના કર્મચારીઓએ હાજર રહી રાષ્ટ્રીય એકતા દિવસે શપથ ગ્રહણ કર્યા હતા.



**'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી**

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ભાટ ખાતે સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અખંડ ભારતની આગવી વૈશ્વિક ઓળખ સમા અને દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી એવા સરદાર વલલ્ભભાઈ પટેલને શ્રધ્ધાંજલી રૂપે રાષ્ટ્રીય એકતા રેલીનું કેમ્પસમાં આયોજન કરવામાં આવ્યું હતું. આજે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું જયારે અનાવરણ કરવામાં આવ્યું ત્યારે કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા અને સૌએ એક ભારત અખંડ ભારતના નારા સાથે રાષ્ટ્રીય ભાવના જગાવી હતી. આ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રથમની લાગણી માટે અભિપ્રેરણ પુરું પાડવામાં આવ્યું હતું.




ઈન્દ્રોડા ટાઈગર ગ્રુપ તરફથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડિલીવરી વિભાગમાં તથા એનઆરસી બાલ સંજીવની કેન્દ્ર વિભાગમાં ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## વલાદની ફેક્ટરીમાં રાત્રે દારૂની મહેફિલ માણતા ૧૩ વેપારીઓ પકડાયા

### બેંકે મિત્રના મકાનને સીલ કર્યુ એ ગમ ભુલાવવા બીજા મિત્રોએ ફેક્ટરીમાં મહેફીલનું આયોજન કર્યુ હતુ : એલસીબીએ દરોડો પાડી ૧૦૮ બોટલ દારૂનો જથ્થો પકડયો : સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ

ગાંધીનગર, તા. ૩૧

ખુશીમાં દારૂની પાર્ટી કરવી હવે સહજ થઈ ગઈ છે. ગઈરાત્રે એલસીબીએ વલાદની એક ફેકટરીમાં દરોડો પાડી દારૂની મહેફિલ પકડી તેમાં કંઈક અલગ જ બાબત બહાર આવી છે. મિત્રના દુખને દુર કરવા મહેફીલ યોજી હોવાનું બહાર આવ્યુ છે. એક મિત્રએ બેંક લોનના હપ્તા ન ભરતા બેન્કે તેના મકાનને સીલ મારી દીધું. તેના મિત્રો વ્હારે આવ્યા અને મકાનમાંથી સામાન નીકાળી વલાદ પાસે આવેલી ક્રિષ્ના ટેક્સટાઈલ્સ ફેકટરીમાં સામાન શિફ્ટ કરી દીધો હતો. આ ગમ ને ભૂલાવવા માટે મિત્રોએ મળીને દારૂની મહેફિલ ગોઠવી દીધી હતી. રાત્રે દારૂની મહેફિલ જામી હતી ત્યારે જ ગાંધીનગર એલસીબીએ આ રંગમાં ભંગ પાડ્યો અને ગમમાં પડેલા મિત્રોને વધુ ગમમાં નાખી દીધા. ચિક્કાર દારૂ ઢીંચીને ગમમાં બેઠેલા ૧૩ વેપારીઓને પકડી ૧૦૮ બોટલનો જથ્થો એલસીબીએ જપ્ત કર્યો છે. એલસીબીની ટીમે અઢી લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ પીધેલાઓ સામે મહેફિલનો કેસ કરી ડભોડા પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે. નોંધનીય બાબત છે કે ડભોડા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. એલસીબીની ટીમે મોટી મહેફિલ સાથે દારૂનો મોટો જથ્થો પકડે તેમ છતાં વહેલી સવાર સુધી ડભોડા પોલીસ ને ખબર પણ ન હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાની સૂચનાથી લોકલ ક્રાઈમ બ્રાંચ પી.આઈ તરલ ભટ્ટની ટીમો સઘન નાઈટ પેટ્રોલીંગ કરી રહી છે ત્યારે ગઈકાલે એક ટીમ વલાદ નજીક પેટ્રોલીંગમાં નીકળી હતી ત્યારે કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ અને સુરેન્દ્રસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે વલાદ ગામની સીમમાં આવેલી ક્રિષ્ના ટેક્સ ટાઈલ્સ ફેકટરીમાં કેટલાક વેપારીઓએ મહેફિલ શરૂ કરી છે. આ બાતમીના આધારે ફેકટરીમાં દરોડો પાડી એલસીબીની ટીમે ૧૩ વેપારીઓને પકડી પાડ્યા હતા. ફેકટરીમાં દરોડો પાડયો ત્યારે અંદરથી વિદેશી દારૂની કેટલીક ખાલી બોટલો, બાઈટિંગ, ખાલી ગ્લાસ તેમજ ૧૦૮ નંગ વિદેશી દારૂની બોટલો પણ મળી આવી હતી. આટલી મોટી જથ્થામાં મળી આવેલી દારૂની બોટલો માત્ર મહેફિલ માટે લવાઈ હોય તે શંકા ઉપજાવતી બાબત છે. એટલે આ દારૂનો જથ્થો વેચાણ અર્થે લવાયો હોવાની પણ પોલીસને આશંકા છે. જેને પગલે પોલીસે આરોપીઓના બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.



એલસીબીની ટીમે ફેક્ટરીમાંથી અમદાવાદના નાના ચિલોડા ખાતે રહેતા ફેકટરી માલીક નિલેશકુમાર વિક્રમભાઈ બારોટ, સુરત કતારગામ રહેતા મુકેશ જીવાભાઈ પ્રજાપતિ, અમદાવાદ રામોલ સુરેલીયા એસ્ટેટમાં રહેતા મનોજસિંહ શંભુસિંહ રાજપુત, નિકોલમાં પાર્થ એપાર્ટમેન્ટમાં રહેતા દીપેન બાબુભાઈ શેખરા, બાપુનગર મયુર પાર્ક સોસાયટીમાં રહેતા નરેન્દ્ર બાબુભાઈ કાછડીયા, કૃષ્ણનગર રાધેશ્યામ રેસિડન્સીમાં રહેતા નીતીન ઝવેરભાઈ પટેલ, નવા નરોડા સફલ પ્લાઝામાં રહેતા બ્રિજેશ જીતેન્દ્રભાઈ પટેલ, બાપુનગર રહેતા પ્રદિપસિંહ અભેસિંહ રાઠોડ, રમેશ અમૃતભાઈ પટેલ, નિકોલ રહેતા અમિત બાબુભાઈ પટેલ, ધર્મેશ કાનજીભાઈ પટેલ, મેહુલ ઈસુભા ઝાલા અને સુરતના વરાછા રોડ ખાતે રહેતા નિલેષ રસિક પટેલ મળીને ૧૩ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે અને તેમની પાસેથી વિદેશી દારૂ તથા વાહનો મળી કુલ રૂ.૨,૪૧,૭૧૦ ની કિંમત મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તને પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ પૈકીના એક આરોપી નિલેશ પટેલનુ મકાન બેંક દ્વારા તાજેતરમાં સીલ કરવામાં આવ્યું હતું. જેના દુઃખમાં ગમ ભુલાવવા મિત્રોએ પાર્ટી ગોઠવી દીધી હતી.